જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૧/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૨૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૧૩૨ લીટર દેશી દારૂ, ૧૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૩૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૮૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૨૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૦૨૮/૧૬

**કૃષ્ણનગરઃ** સીમાબહેન રાજુભાઇ જોગી (ઉ.વ.૧૬) (રહે. ગોગા મહરાજની ચાલી આર્યા સમાજની બાજુમા સેજપુર) ને તા.૨/૧૧/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી આકાશ અશોક્ભાઇ બંગાળી (રહે.તક્ષશીલા વીદ્યાલય મહેશ્વરી ઓઢવ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સીમાબહેનની માતા વિદ્યાબહેન જોગીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સગાડા ચલાવે છે.

**આનંદનગરઃ** હેતલબહેન ખોડાભાઇ ગોહીલ (ઉ.વ.૧૬) (રહે. વ્રજવિહાર ઔડાના મકાન આનંદનગર) ને તા.૩/૧૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી કાળુભાઇ બાબુભાઇ વાળા લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ઘર નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ હેતલબહેનના પિતા ખોડાભાઈ ગોહિલે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈન્સ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૨૯/૧૬

**સોલા હાઈકોર્ટઃ** અજીતસીહ કીશોરસીહ ચમ્પાવત ઉ.વ.૪૦ રહે, ઇ/૨/૨૯-૩૦, કીષ્ના રો હાઉસ, ભાડજ, સોલા) એ તા.૩/૧૧/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૬ કલાક ૮/૦૦ થી તા.૩/૧૧/૧૬ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાદીના દાગીના કિમત રૂપિયા ૧,૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વસ્ત્રાપુરઃ** મનોજ મહાવિરપ્રસાદ ખંડેલવાલ (રહે. કસ્તુરી કોમ્પલેક્ષ અતિથી ડાઇનીંગ હોલની સામે જજીસ બંગ્લોઝ બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૧૧/૧૬ કલાક ૧૧/૦૦ થી બપોરના ૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૭,૭૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.પરમાર ચલાવે છે.

**કાલુપુરઃ** પ્રવિણકુમાર મોહનલાલ મોદી (રહે.રતનપોળ, ગાંધી રોડ નગીનાપોળની બહાર લીંબુપોળની સામે કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧૧/૧૬ સવારના ૭/૦૦ થી રાતના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દાદરની બારીના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૯૦,૦૦૦/-, ચાદીના દાગીના કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, લેપટોપ એસેસરીઝ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.ડી.ઉપાધ્યાય ચલાવે છે.

**<u>પોલીસની ખોટી ઓળખ આપી છેતરપીંડીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૦/૧૬</u>**

**સોલા હાઈકોર્ટઃ** શાંતાબહેન ધનજીભાઇ પટેલ (ઉ.વ.૬૦) (રહે. પાર્ક એવેન્યુ, ગુલાબ ટાવર સામે થલતેજ સોલા) તા.૩/૧૧/૧૬ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે ગુલાબ ટાવર રોડ, જે.જી. સ્કુલ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે શાંતાબહેન પાસે બે પુરૂષો આવ્યા હતા અને પોલીસની ઓળખ આપી વિશ્વાસમાં લઈ શાંતાબહેને પહેરેલ સોનાની બે બંગડી કિમત રૂપિયા ૭૦,૦૦૦/- યુક્તિ પ્રયુક્તિ કરી છેતરપીંડી કરી લઈ પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ શાંતાબહેન પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ આર મેધાણી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૧/૧૬</u>**

**કૃષ્ણનગરઃ** આશીશભાઇ શાંતીભાઇ ચાવડા (રહે.કાવ્યા રેસીડન્સી ગોપાલ ચોક કેનાલ પાસે નવા નરોડા કૃષ્ણનગર) એ તા.૩/૧૧/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૬ સવારના ૮/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ ઘરમાંથી લેપટોપ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)